GJJN210006662024

| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૦૬ / ૦૭ / ૨૦૨૪ | | |
| નોંધણી તારીખ | ૦૬ / ૦૭ / ૨૦૨૪ | | |
| **ફેંસલ તારીખ** | **૦૬ / ૦૮ / ૨૦૨૬** | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૧ | ૦૦ |

**આંક :**

**કેશોદના નામદાર સ્પેશ્યલ જજ (પોકસો) તથા એડિશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.કેશોદ, જી.જુનાગઢ.**

**સ્પેશ્યલ (પોકસો) કેસ નં. ૧૩ / ૨૦૨૪**

કેશોદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૩૦૩૦૨૪૦૩૧૭/૨૪
ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા
પોકસો એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબ

| | |
|---|---|
| ફરીયાદ પક્ષ | શ્રી સરકાર,<br>મૂળ ફરીયાદી : મંજુલાબેન હરસુખભાઈ દેગડા,<br>રહે.મેસવાણ, તા.કેશોદ. |
| ફરીયાદ પક્ષ તરફે | વિધ્વાન એ.પી.પી. શ્રી ડી. સી. ઠાકર |
| આરોપી પક્ષ | મુકેશ ઉર્ફે વનરાજ હેમંતભાઈ માકડીયા,<br>ઉ.વ. : ૨૪, ધંધો : મજુરી,<br>રહે.બસ સ્ટેશન પાછળ, ટીટોડી, તા.કેશોદ. |
| આરોપી પક્ષ તરફે | વિધ્વાન વકીલ શ્રી એસ. ડી. ચાવડા |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૩/૦૫/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૮/૦૫/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૨૨/૦૬/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | ૩૦/૧૦/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૯/૦૭/૨૦૨૬ |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | ૦૬/૦૮/૨૦૨૬ |

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | ૦૬/૦૮/૨૦૨૬ |

## આરોપીની વિગત

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઈ? | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | મુકેશ ઉર્ફે વનરાજ હેમંતભાઈ માકડીયા | ૧૪/૦૫/૨૪ | ૦૪/૦૬/૨૪ | ઈ.પી.કો.કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૨ | છોડી મુકયા | –– | |

## –:: ચૂ કા દો ::–

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબનું ચાર્જશીટ કેશોદ પોલીસ સ્ટેશન તરફથી રજુ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૩–૦૫–૨૦૨૪ના રોજ કલાક ૧:૩૦ વાગ્યાના અરસામાં મેસવાણ ગામેથી આ કામના ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનાર 'બી', ઉંમર ૧૫ વર્ષ ૦૭ માસ વાળીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી માણાવદર તાલુકાના ભીંડોરા ગામે લઈ જઈ સગીર ભોગ બનનાર સાથે અવાર–નવાર શરીર સબંધ બાંધી સંભોગ બળાત્કાર કરી ગુન્હો કરેલ.

(૩) આ કામે ફરીયાદીની ફરીયાદ અન્વયે પોલીસે તપાસની કાર્યવાહી કર્યા બાદ હાલના આરોપી વિરૂધ્ધ સદર ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ, જે હાલના સ્પેશ્યલ (પોકસો) કેસ નં.૧૩/૨૦૨૪ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ.

ત્યારબાદ સદર ગુનાના કામે આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની તમામ નકલો વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલી છે અને આરોપી સામે આંક–૭ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબના ગુન્હા સબબ તહોમતનામું ફરમાવી,તથા આંક–૮ થી આરોપીની પ્લી લેતાં, તેમાં આરોપીએ ગુન્હાની કબુલાત કરેલ નથી, તેથી આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ કેસમાં ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના સાહેદોના મૌખિક પુરાવા નોંધવામાં આવેલા છે, તેમજ ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

**(અ) મૌખિક પુરાવો :–**

| અ. નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી મંજુલાબેન હરસુખભાઈ દેગડાની જુબાની | ૯ |
| ૨ | ભોગ બનનાર 'બી' D/o. હરસુખભાઈ દેગડાની જુબાની | ૧૧ |
| ૩ | ત.ક.અધિકારી અનિરૂધ્ધસિંહ ભુપેન્દ્રસિંહ ગોહિલની જુબાની | ૪૬ |

**(બ) દસ્તાવેજી પુરાવો :–**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૦ |
| ૨ | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૧૨ |

| | | |
|---|---|---|
| ૩ | તપાસ સોંપણી યાદી | ૧૩ |
| ૪ | ગુન્હો રજીસ્ટર કરવા અંગેનો રીપોર્ટ | ૧૪ |
| ૫ | ભારે ગુન્હાનો સ્પેશ્યલ રીપોર્ટ | ૧૫ |
| ૬ | સરકારી પંચો ફાળવવા બાબતે પોલીસ યાદી | ૧૬ |
| ૭ | બનાવ વાળી સ્થાનિક જગ્યાનું પંચનામું | ૧૭ |
| ૮ | સરકારી પંચો ફાળવવા બાબતે પોલીસ યાદી | ૧૮ |
| ૯ | ભોગ બનનારની શરીરસ્થિતિ તથા તેણીના કપડા કબજે કર્યાનું પંચનામું | ૧૯ |
| ૧૦ | સરકારી પંચો ફાળવવા બાબતે પોલીસ યાદી | ૨૦ |
| ૧૧ | આરોપીને અટક કર્યા તથા તેના કપડા અને મોટર સાઈકલ કબજે કર્યાનું પંચનામું | ૨૧ |
| ૧૨ | આરોપીએ ભોગ બનનાર સાથે શરીર સબંધ બાંધેલ તે સ્થાનિક જગ્યાનું પંચનામું | ૨૨ |
| ૧૩ | આરોપીના મેડીકલ સેમ્પલ્સ કબજે કર્યાનું પંચનામું | ૨૩ |
| ૧૪ | ભોગ બનનારના મેડીકલ સેમ્પલ્સ કબજે કર્યાનું પંચનામું | ૨૪ |
| ૧૫ | ભોગ બનનારની મેડીકલ તપાસણી માટે પોલીસ યાદી | ૨૫ |
| ૧૬ | ભોગ બનનારનો મેડીકો–લીગલ એકઝામીનેશન રીપોર્ટ | ૨૬ |
| ૧૭ | ભોગ બનનારના મેડીકલ સેમ્પલ્સ મોકલ્યાની તબીબી યાદીની નકલ | ૨૭ |
| ૧૮ | આરોપીની મેડીકલ તપાસણી માટે પોલીસ યાદી | ૨૮ |
| ૧૯ | આરોપીનો મેડીકો–લીગલ એકઝામીનેશન રીપોર્ટ | ૨૯ |
| ૨૦ | આરોપીના મેડીકલ સેમ્પલ્સ મોકલ્યાની તબીબી યાદીની નકલ | ૩૦ |

| | | |
|---|---|---|
| ૨૧ | ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર તથા રેકર્ડની નકલ મેળવવા ત.ક.અધિકારીએ તલાટી મંત્રી મેસવાણને કરેલ યાદી | ૩૧ |
| ૨૨ | ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર | ૩૨ |
| ૨૩ | જન્મ નોંધણી રજીસ્ટરના લગત પાનાની નકલ | ૩૩ |
| ૨૪ | પુરાવા અધીનિયમની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર | ૩૪ |
| ૨૫ | ભોગ બનનારનો કબજો સંભાળવા બાબતે ત.ક. અધિકારીએ શિશુમંગલ સંસ્થાને કરેલ યાદી | ૩૫ |
| ૨૬ | ભોગ બનનારનો કબજો મેળવવા ત.ક.અધિકારીએ શિશુમંગલ સંસ્થાને કરેલ યાદી | ૩૬ |
| ૨૭ | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવા બાબતે પોલીસ યાદી | ૩૭ |
| ૨૮ | ભોગ બનનારનો કબજો સંભાળવા બાબતે ત.ક. અધિકારીએ શિશુમંગલ સંસ્થાને કરેલ યાદી | ૩૮ |
| ૨૯ | કલમ ઉમેરાનો રીપોર્ટ | ૩૯ |
| ૩૦ | મુદ્દામાલ રવાનગી યાદી | ૪૦ |
| ૩૧ | એફ.એસ.એલ.ની પહોંચ | ૪૧ |
| ૩૨ | મુદ્દામાલ પૃથ્થકરણ અહેવાલ મોકલ્યાનો એફ.એસ. એલ.નો ફોરવર્ડીંગ પત્ર | ૪૨ |
| ૩૩ | એફ.એસ.એલ.નો પૃથ્થકરણ અહેવાલ | ૪૩ |
| ૩૪ | એફ.આઈ.આર.ની ખરીનકલ | ૪૪ |
| ૩૫ | સ્ટેશન ડાયરીની ખરીનકલ | ૪૫ |

આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી

કે મૌખિક પુરાવો તપાસેલ નથી. ફરીયાદ પક્ષ તરફથી પોતાનો પુરાવો પુરો થયાની પુરશીસ આંક–૪૭ થી રજુ કરેલી છે.

(૫) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં, આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન પ્રશ્નોત્તરી સ્વરૂપે નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ પોતાની વિરૂધ્ધના ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે, તેમજ તેઓએ પોતાના બચાવમાં સોગંદ ઉપર પુરાવો આપવા કે બચાવના સાહેદો તપાસવા ઈન્કાર કરેલ છે, તેમજ વિશેષમાં તેઓ સામે ખોટી ફરીયાદ કરેલ છે, તેઓ નિર્દોષ છે તેમ જણાવેલ છે.

(૬) સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી ડી. સી. ઠાકર તથા બચાવ પક્ષે આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી એસ. ડી. ચાવડાની વિસ્તૃત મૌખિક દલીલો સાંભળી.

(૭) ઉપરોકત હકીકત જોતાં, મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હતી ?

(૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૩–૦૫–૨૦૨૪ના રોજ કલાક ૧:૩૦ વાગ્યાના અરસામાં મેસવાણ ગામેથી આ કામના ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનાર 'બી', ઉંમર ૧૫ વર્ષ ૦૭ માસ વાળીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ

કરી ભગાડી માણાવદર તાલુકાના ભીંડોરા ગામે લઈ જઈ સગીર ભોગ બનનાર સાથે અવાર–નવાર શરીર સબંધ બાંધી સંભોગ બળાત્કાર કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા કરેલ છે ?

(૩) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણય તથા કારણો નીચે મુજબ છે :

(૧) હકારમાં,

(૨) નકારમાં,

(૩) આખરી હુકમ મુજબ.

## –:: કારણો ::–

**મુદ્દા નં.૧ :**

(૯) બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યાં તથા બંને પક્ષની મૌખિક દલીલો સાંભળી. રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો, ભોગ બનનાર 'બી' સગીર વયની છે તેમ દર્શાવવા આ કામે ફરીયાદ પક્ષે આંક–૩૨ થી ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ છે, જેમાં ભોગ બનનારની જન્મ તા.૦૧–૧૦–૨૦૦૮ દર્શાવેલ છે. ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબનો હાલનો બનાવ તા.૦૩–૦૫–૨૦૨૪ ના રોજ બનવા પામેલ છે. બનાવ વખતે ફરીયાદમાં દર્શાવ્યા મુજબ ભોગ બનનારની ઉંમર ૧૫ વર્ષ

૦૭ માસ હોવાનું જણાવેલ છે. અન્ય તપાસવામાં આવેલ સાહેદોના પુરાવામાં તથા એફ.આઈ.આર.માં પણ ભોગ બનનારની ઉંમર ફરીયાદ આપતી વખતે વખતે ૧૫ વર્ષ ૦૭ માસ હોવાનું જણાવેલ છે. ફરીયાદ પક્ષના કેસની હકીકત તથા ફરીયાદ પક્ષે રજુ ઉપરોકત આધારભૂત દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવા ઘ્યાને લેતાં બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી, એટલે કે, ૧૫ વર્ષની સગીર વય હોવાનું ફલીત થાય છે. કાયદાની જોગવાઈ અનુસાર ભોગ બનનાર સગીર ન હતી તેવું પુરવાર કરવાની જવાબદારી આરોપી પક્ષે રહેલ છે, પરંતુ આરોપી પક્ષ તરફથી ભોગ બનનાર સગીર ન હતી તેવું પુરવાર કરવા માટે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી, કે તેવો કોઈ ખંડનાત્મક પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી, તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયેના વિશેષ નિવેદનમાં પણ આ અંગે કોઈ રજુઆત થયેલ નથી. ઉપરોકત તમામ હકીકતો ને મુદ્દા નં.૧ સાથે સાંકળતા, આંક–૩૨ થી રજુ ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર ઘ્યાને લેતાં, ભોગ બનનાર સગીર છે અને તેની ઉંમર બનાવ સમયે ૧૫ વર્ષ ૦૭ માસની હોવાનું ફલીત થાય છે અને તેના આધારે મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨ :**

(૧૦) રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ઘ્યાનમાં લેવામાં આવે તો, સૌપ્રથમ સદર કામે ફરીયાદ પક્ષે આ કામના મૂળ ફરીયાદી મંજુલાબેન હરસુખભાઈ દેગડાને આંક–૯થી તપાસવામાં આવેલ છે, તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આશરે છેલ્લા વીસેક વર્ષથી મેસવાણ ગામે તેમના લગ્ન હરસુખભાઈ દેગડા સાથે થયેલ ત્યારથી રહે છે. તેમને સંતાનમાં બે દિકરી છે, જેમાં મોટી દિકરી 'એન' તથા તેનાથી નાની દિકરી આ કામની ભોગ બનનાર 'બી' તથા એક દિકરો 'એન' છે. ભોગ બનનાર દિકરી 'બી'ની જન્મ તારીખ

તેમને યાદ નથી, પરંતુ તે હાલમાં આશરે સતરેક વર્ષની હશે. તેઓના પતિનું અવસાન આશરે પંદરેક વર્ષ પહેલા થયેલું છે. તેઓ ધોરણ–૭ સુધી ભણેલ છે. તા.૦૩–૦૫–૨૦૨૪ના રોજ તેમના જેઠ જગદીશભાઈના દિકરાના લગ્ન પ્રસંગમાં તેઓ તથા તેમના દિકરા–દિકરીઓ ગયેલા હતા અને ત્યારબાદ તૈયાર થવા તેમના ઘરે ગયેલ અને પરત લગ્ન પ્રસંગમાં તૈયાર થઈને ગયેલા. તે વખતે તેમની ભોગ બનનાર દિકરી તેમની પહેલા પ્રસંગમાં જવા માટે નિકળી ગયેલ હતી, બાદમાં તેઓ તથા તેમના બે સંતાનો સાથે લગ્ન પ્રસંગમાં જવા માટે નિકળેલ. તેઓ તેમના જેઠને ત્યા પહોંચેલ ત્યારે તેમની ભોગ બનનાર દિકરી ત્યાં હાજર ન હતી. જેથી તેની શોધખોળ કરેલ અને ત્યાં હાજર વ્યકિતઓને પણ ભોગ બનનાર બાબતે પુછપરછ કરેલ, પરંતુ કયાય મળી આવેલ નહીં. બાદમાં આજુબાજુમાં તેમજ સગા સબંધીઓમાં પુછપરછ કરી ભોગ બનનારની તપાસ કરેલ, પરંતુ તે મળી આવેલ ન હતી.

સદર ફરીયાદીએ વધુમાં જણાવેલ છે કે, એવું બનેલ નથી કે, ત્યારબાદ તેઓને મારી ભોગ બનનાર દિકરી બાબતે હકીકત જાણવા મળેલ કે, તેને એક વ્યકિત લલચાવી, ફોસલાવી ભગાડી ગયેલ છે અને ત્યારબાદ તે વ્યકિતની તેઓએ તપાસ કરેલ હોય અને તે મળી આવેલ ન હતી. બનાવ સબંધે તેઓએ ફરીયાદ આપેલ હતી. જે અસલ ફરીયાદ તેઓને અદાલતના રેકર્ડમાંથી બતાવતાં, તેમાં તેઓએ પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૦ થી રજુ રાખેલ છે, અને વધુમાં જણાવેલ છે કે, એવું બનેલ નથી કે, તેઓએ ફરીયાદ આપી ત્યારે તેમની ભોગ બનનાર દિકરીને લગત કોઈ દસ્તાવેજ રજુ કરેલ હોય. એવું પણ બનેલ નથી કે, તેઓએ ફરીયાદ આપ્યા બાદ પોલીસ જે જગ્યાએ ભોગ બનનાર જતી રહેલ તે જગ્યાએ પોલીસ પંચનામાની કાર્યવાહી કરવા આવેલ હોય ત્યારે તેઓએ તે જગ્યા બતાવેલ હોય. તેઓ આરોપીને ઓળખતા નથી.

આમ, સદર ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતને તથા ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકતો અદાલત રૂબરૂના પોતાના સોગંદ ઉપરના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે ફરીયાદીને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓ ફરીયાદ પક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર ફરીયાદીએ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેમની દિકરીએ કયાય ભાગી ગયેલ હોય તેવું બનેલ નથી, તેમજ તેઓએ ફરીયાદમાં આરોપીનું નામ લખાવેલ હોય તેવું બનેલ નથી.

આમ, સદર ફરીયાદી સાહેદનો ઉપરોકત આંક–૯ નો સરતપાસનો મૌખિક પુરાવો તથા આંક–૧૦ ની ફરીયાદ હકીકતો જોવામાં આવે તો, મહત્વનો વિરોધાભાસ રેકર્ડ પર આવેલ છે. ફરીયાદીએ પોતાના સોગંદ પરના સરતપાસના પુરાવામાં આંક–૧૦ ની ફરીયાદ મુજબની કે પોતાના વિશેષ નિવેદન મુજબની આરોપીને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય અને ફરી ગયેલ જાહેર થયેલ હોય, તેમજ તેઓની ભોગ બનનાર સગીર દિકરીને આરોપી ધ્વારા તેણી સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીને લલચાવી–ફોસલાવી કે લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે તેઓના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જવામાં આવેલ હોય, કે તેણી સાથે શરીર સબંધ બાંધી સંભોગ બળાત્કાર કરેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. જેથી સદર ફરીયાદીના પુરાવાથી આરોપીની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૧) ત્યારબાદ ફરીયાદ પક્ષે આ કામની ભોગ બનનાર 'બી' D/o.

હરસુખભાઈ દેગડાને આંક–૧૧ થી તપાસવામાં આવેલ છે, તેણીએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેણીના મમ્મીનું નામ મંજુલાબેન છે. તેણી ધોરણ–૯ સુધી ભણેલ છે. તેના ફઈ મંજુબેન સુખપુર ગામે રહે છે, ત્યા તેને પ્રસંગોપાત જવાનું થતું હોય છે અને સને ૨૦૧૯માં હુતાસણીના પ્રસંગ સબબ તેના ફઈને ત્યાં ગયેલ હતી.

સદર ભોગ બનનાર સાહેદે વધુમાં જણાવેલ છે કે, એવું બનેલ નથી કે, તેણી તેના ફઈને ત્યાં સને ૨૦૨૪માં હોળીના પ્રસંગે ગયેલી ત્યારે તેને ત્યાં કોઈ વ્યકિત મળેલ હોય, તેણે તેના મોબાઈલ નંબર આપેલા હોય અને તે મોબાઈલ નંબર ઉપર તેમને અવાર–નવાર વાતચીત થતી હોય, તે કારણે તેમના વચ્ચે પ્રેમ સબંધો થયેલા, જે અંગેની જાણ તેણીના ઘરના સભ્યોને થયેલ હોય અને તેઓ ઘ્વારા તેણીને આ બાબતે ઠપકો આપવામાં આવેલ હોય અને તે બાબતની વાત આવી કોઈ વ્યકિતને કરેલ હોય. એવું પણ બનેલ નથી કે, ત્યારબાદ તેણીના મોટા બાપાના દિકરાના લગ્નના પ્રસંગમાં જવાનું હતું ત્યારે તેણીને જેની સાથે મોબાઈલમાં અવાર–નવાર વાત થતી તે વ્યકિત ત્યાં આવેલ હોય અને ત્યાંથી તેઓ બન્ને જતાં રહેલ હોય, આ વખતે આવી વ્યકિતએ તેણીને લોભ, પ્રલોભન આપેલ હોય અને તેના કારણે તેણી તેની સાથે ગયેલ હોય અને તેણીને અલગ–અલગ જગ્યાએ લઈ જવામાં આવેલ હોય અને ઘણીવાર તેવી વ્યકિતએ શરીર સબંધ બાંધેલ હોય.

સદર ભોગ બનનાર સાહેદે વધુમાં જણાવેલ છે કે, તેણીને તપાસ અર્થે દવાખાને લઈ જવામાં આવેલ એવું બનેલ નથી, કે ત્યારે તેણીએ પોતાની સાથે કોઈ બનાવ બનેલ હોય તેની વાત ડોકટરને કરેલ હોય. તેણીને નામદાર કોર્ટમાં આ અગાઉ પોલીસ લઈ ગયેલ અને ત્યાં તેની

પુછપરછ કરવામાં આવેલી. ત્યારબાદ સાહેબ રૂબરૂ તેણીની પુછપરછ કરી પ્રિન્ટ કાઢેલ તે કાગળમાં તેણીએ સહી કરેલી. તેને નામદાર કોર્ટના રેકર્ડમાંથી સીલબંધ હાલતમાં રહેલ તેણીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન બતાવતાં, તેમાં તેણીએ પોતાની સહી ઓળખી બતાવેલ છે અને આંક–૧૨ થી રજુ રાખેલ છે. પોલીસે તેની પુછપરછ કરી નિવેદન નોંધેલું તેમ જણાવી તેણીએ અદાલત સમક્ષ આરોપીને ઓળખી બતાવેલ છે.

આમ, સદર ભોગ બનનાર સાહેદ પોતાના નિવેદન તથા ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકતો અદાલત રૂબરૂના પોતાના સોગંદ ઉપરના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે ભોગ બનનારને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેણી હાલના આરોપી વિરૂધ્ધના ફરીયાદ પક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર ભોગ બનનારે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તેને કોઈ લાલચ પ્રલોભન આપી ભગાડી ગયેલ હોય તેવું બનેલ નથી. આરોપી અને તેઅદ એક જ જ્ઞાતીના છે અને તેણીના ગામમાં આરોપીના સગા રહેતા છે, જેથી તેની સાથે ઓળખાણ થયેલ. તેણીએ સ્વીકારેલ છે કે, આરોપીએ તેણી સાથે કોઈ દુષ્કૃત્ય કરેલ હોય તેવું બનેલ નથી.

આમ, સદર ભોગ બનનાર સાહેદે પોતાના સોગંદ પરના સરતપાસના પુરાવામાં ફરીયાદ પક્ષના કેસ મુજબની આરોપીને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય અને તેણી ફરી ગયેલ જાહેર થયેલ હોય, તેમજ તેણીને આરોપી ધ્વારા તેણી સગીર વયની હોવાનું જાણવા છતાં લલચાવી–ફોસલાવી કે લગ્ન

કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે તેણીના માતા–પિતાના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જવામાં આવેલ હોય કે તેણી સાથે શારીરિક સબંધ બાંધી સંભોગ બળાત્કાર કરેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. આમ, સદર ભોગ બનનારનો આ અદાલત સમક્ષનો સોગંદ ઉપરનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં હાલના આરોપીની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૨) ફરીયાદ પક્ષ તરફે આ કામના તપાસ કરનાર અમલદાર અનિરૂધ્ધસિંહ ભુપેન્દ્રસિંહ ગોહિલને આંક–૪૬ થી તપાસવામાં આવેલ છે, તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, મે–૨૦૨૪ના અરસામાં તેઓ કેશોદ પોલીસ સ્ટેશનમાં પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા, તે દરમ્યાન આ કામના ફરીયાદી મંજુલાબેન વા/ઓ. હરસુખભાઈ દેગડા, રહે.મેસવાણ વાળા તેમની પાસ ે આવેલા અને પોતાની દિકરી ઘરે મળી આવેલ ન હોય અને તેને આ કામના આરોપી લલચાવી, ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયા અંગેની ફરીયાદ લખાવતા તેમના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લીધેલ. જે આંક–૧૦ થી રજુ ફરીયાદ તેઓએ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ તેઓએ આંક–૧૦ વાળી ફરીયાદ મુજબનો ગુન્હો નોંધવા પી.એસ.ઓ.ને યાદી કરતા હાલની ફરીયાદ મુજબ ગુન્હો નોંધવામાં આવેલ. ત્યારબાદ સદર ગુન્હાની તપાસ તેઓને સોપંવામાં આવેલ, તેમની તપાસ દરમ્યાન બનાવી વાળી જગ્યાનું પંચનામું તથા ભોગ બનનારની શરીર સ્થિતિનું પંચનામું કરવા માટે કાયદાની જોગવાઈ મુજબ પી.જી.વી.સી.એલ. કેશોદને યાદી કરેલ અને તે મુજબ બે કર્મચારીઓ મોકલવામાં આવેલ અને તેમના રૂબરૂ બનાવ વાળી જગ્યાનું પંચનામું ફરીયાદીએ જગ્યા બતાવતા તે મુજબનું કરેલ તથા ભોગ બનનારની શરીર સ્થિતિનું પંચનામું પં ચોના લખાવ્યા મુજબ લખી લીધેલ તેમાં તેઓ રૂબરૂ પંચોએ સહીઓ કરેલ, જે આ

કામે આંક–૧૭ તથા ૧૯થી રજુ છે. જેમાં તેઓએ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. તેઓએ વધુમાં જણાવે છે કે, આ કામે આરોપીને અટક કરવા યોગ્ય પુરાવો હોય, જેથી તેઓએ તા.૧૪–૦૫–૨૦૨૪ના રોજ પંચોને બોલાવી પંચો રૂબરૂ ધોરણસર અટક કરેલ. જે પંચનામું આ કામે આંક–૨૫ થી રજુ છે, જે પંચનામાની કાર્યવાહી દરમ્યાન આરોપીના બનાવ વખતે પહેરેલ કપડા કબ્જે લેવામાં આવેલ. આ કામે જયાં ભોગ બનનાર સાથે આરોપીએ શરીર સબંધ બાંધેલ તે જગ્યાની વિગત તપાસ દરમ્યાન ખુલતા તે જગ્યાનું પંચનામું તા.૧૫–૦૫–૨૪ના રોજ પંચો રૂબરૂ કરવામાં આવેલ, જે આ કામે આંક–૨૨ થી રજુ છે, તેમાં પણ તેઓએ પોતાની તથા પંચો ની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં, તેમની તપાસ દરમ્યાન ભોગ બનનાર તથા આરોપીની મેડીકલ તપાસણી કરવામાં આવેલ અને તે તપાસના અંતે તેઓએ મેડીકલ સર્ટીફીકેટ તથા તપાસ દરમ્યાન ડોકટરે કબ્જે લીધેલ નમુનાઓ શીલબંધ મેળવીને તપાસના કામે પંચનામું કરી કબ્જે લેવામાં આવેલા. તેઓએ તપાસ માં ભોગ બનનારના જન્મની ખરાઈ કરવા માટે તલાટી મંત્રી ધ્વારા તપાસ કરાવી જન્મનું પ્રમાણપત્ર તથા જન્મના રજીસ્ટરનો ઉતારો મેળવી કામમાં સામેલ રાખેલ. તેમજ ભોગ બનનારનું કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવા કાર્યવાહી કરી નિવેદન લઈ અને કામ માં સામેલ રાખેલ. આ કામે તેઓની તપાસ દરમ્યાન ઈ.પી.કો. કલમ–૩૭૬(૨)(એન), ૩૭૬(૩), પોકસો એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબનો ગુન્હો બનતો હોવાનું પુરવાર થતાં તે કલમ ઉમેરાનો રીપોર્ટ નામદાર કોર્ટમાં આપેલો, તેમજ કબ્જે લીધેલ મુદ્દામાલ પૃથ્થકરણ થવા એફ.એસ.એલ. જુનાગઢને રવાનગી નોંધ સાથે મોકલી આપવામાં આવેલઅને એફ.એસ.એલ. ધ્વારા પૃથ્થકરણ થયા બાદ પૃથ્થકરણ રીપોર્ટ મોકલતા કામમાં સામેલ રાખેલ. વધુમાં, તેઓની સમગ્ર તપાસના

અંતે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), પોકસો એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબનો ગુન્હો બનતો હોય, જેથી ધોરણસર ચાર્જશીટ નામદાર કોર્ટમાં દાખલ કરેલ તેમ જણાવી તેઓએ અદાલત સમક્ષ આરોપીને ઓળખી બતાવેલ છે, તેમજ વધુમાં ફરીયાદીએ આપેલ તેઓ રૂબરૂની તા.૦૫–૦૮–૨૦૨૪ની ફરીયાદમાં જણાવેલ હકીકતો તેમજ આ કામની ભોગ બનનાર 'બી'ના તા.૧૪–૦૫–૨૦૨૪ના રોજના નિવેદનની હકીકતોને તેઓએ પોતાના મૌખિક પુરાવામાં રીફર કરી, સમર્થન કરેલ છે.

સદર તપાસ કરનાર અમલદારે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, સાહેદોના નિવેદન ફરીયાદને અનુરૂપ જાતે લખી લીધેલ છે, કે પંચનામાં પોલીસ સ્ટેશનમાં બેસી પંચોની સહીઓ લેવામાં આવેલ છે, કે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કરી ખોટી જુબાની આપે છે.

આમ, સદર પોલીસ સાહેદ કે જેઓએ હાલના ગુન્હાના કામે પંચનામાં કરી, સાહેદોના નિવેદન નોંધી, આરોપીને અટક કરી તેમજ અન્ય પુરાવા એકત્રીત કરી, તપાસના અંતે ચાર્જશીટ કરેલાની હકીકત જણાવેલ છે, પરંતુ સદર કામે તપાસવામાં આવેલા ભોગ બનનાર સાહેદ તથા તેણીના માતા–ફરીયાદી ધ્વારા ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપવામાં આવેલ ન હોય, તેઓના પુરાવાની કરેલ ઉપરોકત ચર્ચા મુજબ હાલના આરોપીએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોવાનું નિ:શંકપણે રેકર્ડ પર આવતું ન હોય, જેથી સદર પોલીસ સાહેદોનો પુરાવો ફોર્મલ પુરાવો રહેલ છે.

(૧૩) આરોપી તરફે સંમતીથી આંક–૧૩ થી આંક–૪૫ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે. પરંતુ, ખુદ ભોગ બનનાર સાહેદ તથા તેણીના માતા/ફરીયાદીએ આ અદાલત સમક્ષના તેઓના મૌખિક પુરાવામાં હાલના આરોપીને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય, જેથી સદર આંકે પડેલ દસ્તાવેજી પુરાવાથી પણ આરોપીની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૪) આમ, ઉપરોકત રજુ તપાસવામાં આવેલ ભોગ બનનાર સાહેદ 'બી' D/o. હરસુખભાઈ દેગડા તેમજ તેણીના માતા–ફરીયાદી મંજુલાબેન હરસુખભાઈ દેગડાના મૌખિક પુરાવાથી હાલના આરોપીને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોય અને સદર ફરીયાદી તથા ખુદ ભોગ બનનાર જ ફરીયાદ પક્ષ તરફે ફરી ગયેલ જાહેર થયેલ હોય, તેમજ ફરીયાદીની ભોગ બનનાર સગીર દિકરીને આરોપી ધ્વારા તેણી સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીને લલચાવી–ફોસલાવી કે કોઈ લાલચ આપી બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જઈ, આરોપી ધ્વારા તેણી સાથે અવાર–નવાર શરીર સબંધ બાંધી સંભોગ બળાત્કાર કરવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવેલ ન હોય, જેથી ફરીયાદ પક્ષના મહત્વ સાહેદોના આ અદાલત સમક્ષના સોગંદ ઉપરના મૌખિક પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતું નથી. આ કામે તપાસવામાં આવેલ અન્ય પોલીસ સાહેદ–તપાસ કરનાર અમલદારના પુરાવાને પણ તપાસવામાં આવેલ સદર ફરીયાદી તથા ભોગ બનનારના આ અદાલત સમક્ષના સોગંદ ઉપરના મૌખિક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું ન હોય, તેમજ મૌખિક પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળતું ન હોય, ત્યારે માત્ર દસ્તાવેજી પુરાવા તથા પોલીસ સાહેદના મૌખિક

પુરાવા ઉપર આધાર રાખી, આરોપીની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં, જેથી ઉપરોકત તમામ હકીકતો જોતાં, આરોપી શંકાનો લાભ મેળવવા હકકદાર હોવાનું જણાઈ આવે છે.

(૧૫) આમ, ઉપરોકત સમગ્ર પુરાવો જોતાં તથા કરેલ ચર્ચા ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધ આંક–૭ ના તહોમતનામાં મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબનો ગુન્હો આરોપીએ કરેલાનું નિ:શંક રીતે પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોય, આરોપીને શંકાનો લાભ આપવો ઉચિત જણાતો હોય, મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –: : આખરી હુકમ : :–

૧) આ કામના આરોપી મુકેશ ઉર્ફે વનરાજ હેમંતભાઈ માકડીયાને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ હુકમ સામે નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ અપીલ થવાના કિસ્સામાં તેની નોટીસ બજતાં, નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપીયા દસ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આ કોર્ટ સમક્ષ આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આ ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકીના મોટર સાઈકલ અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે, અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો તેના મુળ માલીકની ખાતરી કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે, તથા આ કામે કબજે કરવામાં આવેલ અન્ય નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે અપીલ થયેલ ન હોય તો ચકાસણી કરી, નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪) હાલના કિસ્સામાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭(એ) હેઠળ કે કેન્દ્ર સરકાર કે રાજય સરકારની કોઈપણ સ્કીમ અન્વયે ભોગ બનનારને વળતર ચુકવવા પાત્ર થતું નથી તેવું ઠરાવવામાં આવે છે, તેમજ જો તેવી કોઈ રકમ ચુકવાયેલ હોય તો તે રેવન્યુ રાહે પરત વસુલ મેળવવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૦૬ ઠ્ઠી, માહે : ઓગષ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

કેશોદ,
તા.૦૬–૦૮–૨૦૨૬

(**હર્ષ બાલકૃષ્ણ ત્રિવેદી**)
સ્પેશ્યલ જજ (પોકસો) અને
એડિશ્નલ સેશન્સ જજ,
કે શો દ
GJ 00576

NKM